# શૌરીપુર-બટેશ્વર

- આવાગમન................. : રેલ્વે સ્ટેશન : ફિરોઝાબાદ - ૩૫ કિ.મી., આગ્રા - ૭૦ કિ.મી.
  બસ સ્ટેશન : બાહ - ૭ કિ.મી., બટેશ્વર
- પહોંચવાનો સરળ માર્ગ ... : હરિપર્વત, આગ્રાથી દરરોજ સવારે ૭:૩૦ વાગ્યે તીર્થકમિટીની બસ મળે છે. આ માટે ફોન નં. ૦૫૬૨-૨૧૫૪૮૬૩ પર સંપર્ક કરી શકાય છે.
- નજીકનું મુખ્ય શહેર ....... : આગ્રા - ૭૦ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો ......... : ફિરોઝાબાદ - ૩૫ કિ.મી.
  આગ્રા - ૭૦ કિ.મી., મથુરા - ૧૧૦ કિ.મી.

શૌરીપુરનું પ્રાચીન નામ શૌર્યપુર હતુ. આ ગામમાં બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનના ગર્ભ અને જન્મકલ્યાણક થયા હતા. તે સમયે દેવો દ્વારા અહીં ૧૫ માસ સુધી રત્નોની વર્ષા થઈ હતી. શ્રી નેમિનાથ ભગવાનના પિતાનું નામ રાજા સમુદ્રવિજય અને માતાનું નામ શિવાદેવી હતુ. શ્રી નેમિનાથ ભગવાનના ગર્ભ અને જન્મ-તેમ બે કલ્યાણકો અહીં થયા હોવાથી આ ભૂમિ અત્યંત પાવન છે. તે સિવાય આ ભૂમિ ઉપર બીજા મુનિઓને કેવળજ્ઞાન થયેલ અને કેટલાક અહીંથી મુક્તિ પણ પામ્યા હતા. દા. ત. શૌરીપુરમાં ગન્ધમાદન નામના પર્વત ઉપર સુપ્રતિષ્ઠ નામના મુનિરાજ ધ્યાન ધરતા હતા, ત્યારે તેમના પૂર્વજન્મના વેરી-વિરોધી સુદર્શન નામના યક્ષે આ મુનિરાજ ઉપર ઘોર ઉપસર્ગ કર્યો હતો. મુનિરાજ અચલ રહ્યા અને અંતે તેમણે અહીં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. તે સમયે દેવોએ અહીં આવીને મોટો ઉત્સવ કર્યો હતો. આવા અનેક દાખલા છે.

શૌરીપુર વિષે બીજી પણ એક કથા આરાધના કથાકોષમાં છે કે અગલકંઠપુરના રાજા નિષ્ઠસેનના પુત્ર ધન્યએ શ્રી નેમિનાથ ભગવાનના ઉપદેશથી દીક્ષા ધારણ કરી હતી. એક દિવસ તેઓ વિહાર કરીને શૌરીપુર પધાર્યા અને યમુના નદીના કિનારે ધ્યાનારૂઢ થયા. શૌરીપુરના રાજા શિકાર માટે બહાર નીકળ્યા હતા. ક્યાંય શિકાર ન મળવાથી રાજા નારાજ થયા હતા. ત્યાં દૂર જતાં-જતાં રાજાએ મુનિરાજને જોયા. તેમને જોતા જ રાજાએ ક્રોધિત થઈને તે મુનિરાજ ઉપર તીક્ષ્ણ બાણ છોડયા. પરંતુ તે ધન્ય મુનિ તો શુક્લધ્યાન ધરીને કર્મોનો નાશ કરીને સિદ્ધ થયા. ત્યારે દેવોએ અહીં આવીને તેમનો નિર્વાણમહોત્સવ કર્યો હતો. આ રીતે હરિષેણ કથાકોષમાં શૌરીપુરને સિદ્ધક્ષેત્ર કહ્યું છે. રાજાને આવા ક્રૂર પરિણામને કારણે એ જ ભવમાં મોટો કોઢ થયો અને પરિણામે રૌદ્રધ્યાન કરીને તેમનો જીવ મરીને નર્કમાં ગયો

આ સિવાય શ્રી ઋષભદેવ ભગવાન, શ્રી નેમિનાથ ભગવાન, શ્રી પાર્શ્વનાથ ભગવાન તથા શ્રી મહાવીર ભગવાનના પાવન વિહારથી આ ભૂમિ પવિત્ર થઈ હતી. શૌરીપુરમાં દિગંબર જૈન મંદિર તથા શ્વેતાંબર જૈન મંદિર બંને પાસે-પાસે જ છે. શ્રી સિદ્ધક્ષેત્ર શૌરીપુર દિગંબર જૈન તીર્થમાં શ્રી નેમિનાથ પ્રભુનું મંદિર સંવત ૧૬૪૮ નું છે. અત્રેના મંદિરમાં હાલ મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાન પદ્માસન શ્યામ આરસના ૫ ફીટના બિરાજમાન છે. તેની પ્રતિષ્ઠા વીર નિર્વાણ સં. ૨૪૭૭માં થયેલી છે. તે સિવાય બાજુમાં સફેદ આરસના બીજા ત્રણ ભગવાન શ્રી ચન્દ્ર પ્રભુ, શ્રી શાંતિનાથ તથા શ્રી મુનિસુવ્રતનાથજી બિરાજમાન છે. આ પહેલી વેદીમાં પાછળ શ્યામ પાષાણના ૩ ફીટના ખડ્ગાસન શ્રી નેમિનાથ ભગવાન છે. તે સિવાય શ્રી આદિનાથ પ્રભુ સફેદ આરસના ૦॥ ફીટના છે.

બીજી દેરીમાં સફેદ આરસના પદ્માસન શ્રી ચન્દ્ર પ્રભુજી ૨ ફીટના છે. ત્રીજી દેરીમાં શ્રી મહાવીર પ્રભુ સફેદ આરસના પદ્માસન ૨॥ ફીટના સંવત ૨૦૧૦ના પ્રતિષ્ઠિત છે. ચોથી દેરીમાં શ્રી વિમલનાથ ભગવાન ખૂબ પ્રાચીન પદ્માસન ખંડિત થયેલા બિરાજમાન છે. પાંચમી દેરીમાં ખડ્ગાસન સ્કીન કલરના શ્રી બાહુબલી ભગવાન વિ. સં. ૧૯૯૭ વીર સંવત ૨૪૬૮ના પ્રતિષ્ઠિત બિરાજમાન છે. મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાનના પ્રતિમાજીને દૂરથી જુઓ તો છાતીમાં સર્પ હોય તેવું લાગે છે. આ શ્રી નેમિનાથ ભગવાન શ્યામ આરસના ભવ્ય છે. આ જ સંકુલમાં બીજું દિગંબર જૈન મંદિર છે. તેને બરૂવામઠ કહે છે. આ મંદિરમાં શ્રી નેમિનાથ ભગવાન શ્યામ વર્ણના ખડ્ગાસન ૮ ફીટના વીર સંવત ૨૦૧૦માં પ્રતિષ્ઠિત કરેલા છે. આ પ્રતિમા કસોટી પથ્થરની છે, જે હજારો વર્ષ જૂની છે અને એકલી પડી હતી. તેને પાછળથી મંદિર બનાવીને વીર સંવત ૨૦૧૦માં પ્રતિષ્ઠિત કરી છે. આ મંદિરની પાછળ મોટું ખેતર છે. ત્યાં લગભગ ૮ ફીટનો સર્પ દિવાળીથી હોળીના સમય દરમ્યાન અવારનવાર આવે છે તેમ ત્યાંના લોકો તથા પૂજારી કહે છે.

પહેલા અહીં શ્વેતાંબર મંદિર એકેય ન હતું. આથી તેઓએ માંગણી કરવાથી દિગંબર ભાઈઓએ તેમને થોડી જગ્યા આપી તો શ્વેતાંબરોએ અહીં નાનકડું શ્વેતાંબર મંદિર બાંધ્યું અને નાની એવી ધર્મશાળા પણ બાંધી. કહે છે કે શૌરીપુરથી બટેશ્વર સુધીનો ભોંયરામાં રસ્તો છે, જે હાલ બંધ કરેલ છે.

પ્રાચીનકાળમાં શૌરીપુર મોટું શહેર હતુ. ધીમે-ધીમે ઉજ્જડ થતું ગયું. શૌરીપુરના પ્રાચીન મંદિરને આદી મંદિર કહે છે, જેનો જિર્ણોદ્ધાર અવારનવાર થાય છે. આ મંદિર વિક્રમ સંવત ૧૭૨૪ સને ૧૬૬૭નું છે. આ મંદિરમાં પાછળ દિવાલ ઉપર શિલાલેખ પણ છે, જેમાં લખ્યું છે કે શૌરીપુરમાં આ મંદિરની પ્રતિષ્ઠા શ્રી કુન્દકુન્દાચાર્ય આમ્નાય અનુસાર સંવત ૧૭૨૪ વૈશાખ વદ-૧૩ના રોજ થઈ હતી.

<u>શંખદવજ મંદિર</u> :- આ મંદિર બીજા માળે છે. ગર્ભગૃહમાં ચાર વેદીઓ છે. તેમાં મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાન વચ્ચેની વેદીમાં છે. તેમની પાછળ ડાબી તરફની વેદીમાં એક ખડ્ગાસન

પ્રતિમાજી ૩ ફીટના પાષાણના છે. તેમના ચરણો પાસે બંને બાજુ ચામરવાહકો છે. આ મૂર્તિ ઉપર કોઈ લાંછન કે ચિહ્ન નથી. આ મૂર્તિની બાજુમાં એક કોતરેલી મૂર્તિ ૫ ઈંચની પદ્માસન છે. આ પ્રતિમા અગીયારમી-બારમી શતાબ્દીની હશે તેમ અનુમાન થાય છે. ડાબી તરફ બે-બે આધુનિક પ્રતિમાજીઓ છે. જમણી તરફ એક વેદી ઉપર સફેદ પાષાણની ૨।। ફીટની પદ્માસન પ્રતિમા છે, જેના ઉપર ગેંડાનું ચિહ્ન છે. તેથી તે ભગવાન શ્રી વિમલનાથ હોવા જોઈએ. તેમની બંને તરફ શ્રી પાર્શ્વનાથજી તથા શ્રી ચન્દ્ર પ્રભુજી બિરાજમાન છે. તેની ઉપરના લખાણ ઉપરથી જણાય છે કે તેની પ્રતિષ્ઠા વિ. સં. ૧૩૫૭ જેઠ સુદ-૧૪ના રોજ થઈ હતી. બીજી વેદીમાં સફેદ પાષાણની ૨।। ફીટની પદ્માસન પ્રતિમા બિરાજમાન છે, જે સંવત ૧૩૦૮ની પ્રતિષ્ઠિત થયેલી છે. તે સિવાય અહીં પંચબાલયતિની મૂર્તિઓ કોતરેલી છે.

આગ્રા જિલ્લાના નદગવા ગામના હતકાન્ત (હસ્તીકાનપુર)ના જૈન મંદિરમાંથી સને ૧૯૩૮માં કેટલીક પ્રતિમાજીઓ ઊંટ ઉપર લાવીને અહીં રાખી હતી. હતકાન્તમાં બે માળનું બહું પ્રાચીન દિગંબર જૈન મંદિર છે. અહીં હાલ જૈનોના બહું ઓછા ઘર છે. કેમ કે ધંધાર્થે અહીંથી ઘણા જૈનો કલકત્તા, ઈટાવા, આગ્રા, વિગેરે સ્થળોએ ચાલ્યા ગયા છે. હતકાન્તના મંદિરમાં હાલ થોડી મૂર્તિઓ છે. એક જમાનામાં હતકાન્ત ધનધાન્યપૂર્ણ અને સુખ સંપન્ન નગર હતું. શિલાલેખો ઉપરથી જણાય છે કે અહીં ૫૧ પ્રતિષ્ઠાઓ થઈ હતી. સન ૧૩૮૯માં સુલતાન ફિરોજશાહે આ હતકાન્ત નગર ઉપર આક્રમણ કરીને ખલાસ કર્યું હતું અને મંદિરો પણ ખલાસ કર્યા હતા.

પંચમઢી શંખદવજ મંદિર :- અહીં ત્રણ મૂર્તિઓ મેદાનમાં રાખેલી છે. આ મૂર્તિઓ સન ૧૯૪૦-૪૧માં ખોદકામમાં મળી હતી, જે ત્રણેય મૂર્તિઓ ખંડિત છે અને બ્લ્યુ પાષાણની લગભગ ૩।। ફીટની છે. એક મૂર્તિ ઉપર શ્રી મહાવીર પ્રભુનું સિંહનું લાંછન છે. બીજી મૂર્તિ ઉપર કમળ જેવું ચિન્હ છે. તેથી તે કદાચ શ્રી પદ્મપ્રભુ અથવા શ્રી નમિનાથ પ્રભુ હશે તેમ અનુમાન થાય છે. ત્રીજી મૂર્તિ શ્રી મહાવીર પ્રભુની છે. કારણ કે તેના ઉપર પણ સિંહનું લાંછન છે. કોઈ મૂર્તિઓ ઉપર કાંઈ લેખ-પ્રશસ્તિ-લખાણ-કંઈ જ નથી. અનુમાન થાય છે કે આ મૂર્તિઓનો નિર્માણકાળ અગીયારમી-બારમી શતાબ્દી હશે.

પંચમઢીની પાછળ દક્ષિણ તરફ અન્તકૃત કેવળી ધન્યની બહુ પ્રાચીન ટોંક છે, જે તદન જીર્ણ છે. હાલ ત્યાં કોઈ ચરણ કે મૂર્તિ-કંઈ જ નથી. પ્રાચીન મંદિરની ઉત્તર-પૂર્વમાં એક પ્રાચીન ટોંક હતી. તેમાં ચરણો બિરાજમાન હતા. પરંતુ કાલાન્તરે કોઈ ભટ્ટારકજીએ ધર્મવાત્સલ્યભાવનાથી શ્વેતાંબરોને અહીં દર્શન-પૂજન કરવાની સગવડતા કરી આપી હતી. તો અમુક કાળ પછી શ્વેતાંબરોએ પોતાના અધિકાર સ્થાપવા માટે ચરણો કાઢીને ત્યાં મંદિર બનાવી લઈને એક પ્રતિમાજી મૂકી દીધા છે.

અહીં ૧૬ ફીટ પહોળો એક પ્રાચીન કૂવો છે, જેનુ પાણી બહું મીઠું અને સ્વાસ્થ્યવર્ધક છે. દિગંબર જૈન સમાજે અહીં એક ધર્મશાળા અને એક નવો કૂવો બનાવ્યો છે. મૂળમાં આ તીર્થ દિગંબર તીર્થ

જ છે. કારણ કે અહીં જેટલા પ્રાચીન મંદિરો, મૂર્તિઓ તથા ચરણો છે-તે બધા દિગંબર આમ્નાય મુજબના જ છે.

આગ્રાથી ૭૦ કિ.મી. દૂર બાહ જીલ્લામાં બટેશ્વર આવેલું છે. અહીંથી ૫ કિ.મી. દૂર યમુના નદીના કિનારે શૌરીપુર આવેલું છે. આગ્રાથી બટેશ્વર સુધીનો રસ્તો પાકો છે. એમ કહેવાય છે કે યમુના નદીનો વિસ્તાર વધતો ગયો તેમ શૌરીપુર દબાવા લાગ્યું. ભટ્ટારકજીએ બટેશ્વરમાં વિશાળ મંદિર અને ધર્મશાળા બનાવ્યા હતા. શૌરીપુરથી બટેશ્વર માત્ર ૩ કિ.મી. દૂર છે. એમ સાંભળ્યું છે કે ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી બાજપેઈની જન્મભૂમિ પણ બટેશ્વર છે.

અહીં ભોજનશાળામાં જમવાની વ્યવસ્થા છે. બટેશ્વરના મંદિરમાં મૂળનાયક શ્રી અજીતનાથ ભગવાનની પદ્માસન શ્યામ પાષાણની ૫ ફીટની પ્રતિમા છે, જેની પ્રતિષ્ઠા સંવત ૧૨૨૪ વૈશાખ વદ-૭ના રોજ થઈ હતી. જમણી તરફ શ્રી આદિનાથ પ્રભુ સફેદ આરસના પદ્માસન છે. તેમની બાજુમાં સફેદ ધાતુના બે પદ્માસન પ્રતિમાજી છે. ડાબી તરફ શ્રી મહાવીર ભગવાન શ્યામ આરસના પ્રાચીન ૧। ફીટના છે તથા બીજા બે બદામી આરસના પદ્માસન પ્રતિમાજી છે તથા નાનકડા પંચધાતુના પંચમેરૂ પણ છે.

મંદિરમાં અંદરના ભાગમાં સંવત ૧૧૫૦ના પ્રાચીન ખડ્ગાસન શ્રી શાંતિનાથ ભગવાન છે. તેમની બાજુમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુ સંવત ૧૮૨૬ના છે. ત્રીજા ભગવાન, ચોથા ભગવાન તથા પાંચમા શ્રી પાર્શ્વનાથ ભગવાન ફેણવાળા-આ પાંચેય પ્રતિમાજી પ્રાચીન છે, જે અગીયારમી-બારમી શતાબ્દીના હોય તેવું લાગે છે. બીજી દેરીમાં શ્રી નેમિનાથ ભગવાન સફેદ આરસના સંવત ૧૮૩૨માં પ્રતિષ્ઠિત છે. બંને તરફ પ્રાચીન પદ્માસન બદામી આરસના પાંચ પ્રતિમાજી છે. ત્રીજી દેરીમાં ચોવીસ તીર્થંકર ભગવાન પંચધાતુના છે. તે સિવાય નાના ધાતુના પ્રતિમાજી ૧૦૦-૧૫૦ જેટલા છે. બધા જ પદ્માસન છે.

ભોંયરામાં શ્રી અરનાથ ભગવાનના ૨॥ ફીટના બહુ જ પ્રાચીન ખંડિત પ્રતિમાજી પદ્માસને છે, જે જમીનમાંથી નીકળ્યા છે તેમ કહે છે. ભોંયરામાં ઊંડે નીચા વળીને અંદર જઈ શકાય છે. ત્યાં એક સળંગ જ પાષાણના પ્રતિમાજી પણ છે.

અહીં છ રૂમની નાનકડી ધર્મશાળા છે. આ સ્થળ પ્રાચીન હોઈને ઘણી યાત્રાળુ બસો અહીં આવે છે. અહીં શિવ ધર્મનું મોટું મંદિર પણ છે. તેથી અન્ય ધર્મીઓ પણ અહીં બસ લઈને મોટી સંખ્યામાં આવે છે.

ગુરુ દીવો ગુરુ દેવતા, ગુરુવર ગુણની ખાણ, ગુરુ વસે જો અંતરે, તો પામે ભવ પાર.

-પૂ. બેન શાંતાબેન